# ગણપત યુનિવર્સિટીની સાયન્સ ફેકલ્ટી દ્વારા વેબીનાર સીરીઝ

## ધોરણ-૧૨ પાસ કરી જી, નીટ અને ગુજકેટની સ્પર્ધાત્મક પરીક્ષા માટે સજ્જ થઈ રહેલા વિદ્યાર્થીઓને છેલ્લી ઘડીએ 'ટીપ્સ એન્ડ ટ્રીક્સ' શીખવવાનો હેતુ : નિષ્ણાંતો સેવા આપશે

ગણપત વિદ્યાનગર, તા. ૨૬

પોતાની સામાજિક જવાબદારી સમજીને વિદ્યા દ્વારા સમાજ-ઉત્કર્ષ અભિયાન ચલાવતી ગણપત યુનિવર્સિટીની સાયન્સ ફેકલ્ટી દ્વારા ૨૫મી મે, ૨૦૨૦ થી આરંભીને આગામી ૩૦મી મે, ૨૦૨૦ સુધીના છ દિવસ દરમિયાન ચાલનારી એક વેબીનાર સિરીઝનું આયોજન કરવામાં આવ્યું હતું.

જી (Jee), નીટ (NEET) અને ગુજકેટ (Gujcet) જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેની છેલ્લી ઘડીની 'ટીપ્સ એન્ડ ટ્રીક્સ' (સલાહ અનો સુચન અનો યુક્તિઓ) આપવા - શીખવવાના ઉદાત હેતુસર ઘોરણ-૧૨ની પરીક્ષા આપી પાસ થયેલા વિદ્યાર્થીઓ માટે આ દિવસની આ વેબીનારનું સિરીઝનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ૨૯મી મે પેનલ ડિસ્કશન અને ૩૦મી એ મોક-ટેસ્ટ માટેનું પણ આયોજન થયું છે.

આ વેબીનારમાં વિવિધ વિષય ક્ષેત્રનાં નિષ્ણાંતો મહાનુભાવો પણ ઓનલાઈન ખાસ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનો માર્ગદર્શન આપશે, જેમાં બોસન કેરિઅર એન્ડ સાયન્સ એકેડમીના એમ.ડી. પ્રણવ દવે, રેડોક્સ ઈન્સ્ટિયુટ ઓફ કેમેસ્ટ્રીના ફાઉન્ડર શૈલેષ મોદી અને સુખ્યાત ગણિતજ્ઞ વિજય વોરા તેમજ એક્સ્પ્લોફંડા ઈન્સ્ટિટયુટ ઓફ બાયોલોજીના ફાઉન્ડર ડૉ. ચિંતન શાહ અનુક્રમે, ૨૫, ૨૬, ૨૭ અને ૨૮ મેના રોજ ઓનલાઈન ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને 'ટીપ્સ એન્ડ ટ્રીક્સ' શીખવા જી, નીટ અને ગુજકેટ શ્રેષ્ઠ રીતે પાસ કરી સારા કૉલેજ, યુનિવર્સિટી અને અભ્યાસક્રમો પસંદ કરી શકે એ રીતે વિદ્યાર્થીઓને સજ્જ કરશે.

આજકાલ માત્ર ૧૨મા ધોરણના માર્કસ કે ટકાવારીના આધારે જ સારા અભ્યાસક્રમો કે કૉલેજ - યુનિવર્સિટીમાં એડમિશન નથી મળી શકતા પરંતુ જી, નીટ, અને ગુજકેટમાં જે માર્કસ ગુવણવત્તા હાંસલ થાય તેના જ આધારે શ્રેષ્ઠ કોર્સ કે કૉલેજ યુનિ.માં એડમિશન મળી શકે છે.




# ઇચ્છાશક્તિથી કઈ પણ કરી શકાય છે : 'ધી અર્થિંગ ગ્રુપ'

લોકડાઉનના ત્રીજો તબક્કો ચાલતો હતો તે સમયે 'ધી અર્થિંગ ગ્રુપ'ના વર્કશોપની પહોચ ઈન્ટરનેશનલ લેવલ સુધી પહોંચી જેમાં દુબઈ અને યુકેથી વિદ્યાર્થીઓ નાટ્ય શિક્ષણ મેળવવા માટે જોડાયા હતા.જેમના ખુબજ સરસ પ્રતિભાવ મળ્યા. અને પોતાના 'ના -અટક' ના નિયમ ને વળગી રહી લોકડાઉન ૪.૦ ચાલુ થયુ ત્યારે સાથો સાથ આ 'ધી અર્થિંગ ગ્રુપ' દ્વારા છ દિવસનો એડવાન્સ લેવલનો થિયેટર વર્કશોપ *ONLINE THEATRE SCHOOL- 4.0 (advance)* તારીખ ૧૪મીથી ૧૯ મે દરમ્યાન યોજાયો. જેમાં ૪૨ જેટલા સ્ટુડન્ટ્સે ભાગ લઈને અલગ-અલગ પાસા ઉપર નાટ્ય શિક્ષણ મેળવ્યું.

વર્કશોપના પહેલા દિવસે ફાઉન્ડર પ્રફુલ પંચાલ દ્વારા વોઇસ એક્ટિવિટી અને presence of mind ની એક્ટિવિટી કરવામાં આવી જેમાં જાણવા મળ્યું કે વિદ્યાર્થીઓ સાથે તેમના પરિવાર પણ જોડાયા અને ખુબ સારા પ્રતિભાવ



આપ્યા. વર્કશોપના બીજા દિવસે ટીમ મેમ્બર અક્ષત દરજીની મહેનત અને પ્રયત્ન દ્વારા, ફેકલ્ટી તરીકે મુંબઈથી એક એક્ટર અને તેનાલી રામા સીરીયલના પ્રખ્યાત કલાકાર 'માનવ ગોહેલ' ઓનલાઇન માધ્યમ થી જોડાયા. એક્ટિંગ વિશે અને તેમની જર્ની વિશે વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી. માનવ સરે જણાવ્યું કે, જયારે કોઈ નાટક ની સ્ક્રિપ્ટ આપને આપવામાં આવે ત્યારે તેને યાદ રાખવા માટેની પદ્ધતિ વિષે માહિતી આપી જેની અંદર ચેઇન ઓફ થોટ્સ, ડાયલોગ ની એક ઈમેજ બનાવવી,પહેલો શબ્દ થી યાદ રાખવું, હમેંશા સંપૂર્ણ તૈયારી કરીનેજ પર્ફોર્મન્સ આપવું વગેરે વાત કરી. સાથે એક બહુ અગત્ય ની વાત કરી કે 'હંમેશા પોતાના માટે પર્ફોર્મન્સ આપવું, બીજા માટે આપવા જાસો તો ભૂલી જવાય'. બોડીલેન્ગવેજ,કેરેકટરની જરૂર મુજબ લાઉડ કે સોફ્ટ થવું, ખુદને રોજ અલગ અલગ કેરેકટર બની એક્સપેરિમેન્ટ કરવા જેવી બાબત શીખવી. સાથે વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી પણ કરી.

વર્કશોપના ત્રીજા દિવસે સંસ્થાના કો-ફાઉન્ડર ચિરાગ પારેખ દ્વારા, એક કલાકરને એક સારા શ્રોતા બનવું જોઈએ જેવી અગત્યની વાત કરી અને સાથે કોઈ નાટક ને જોવાનો દ્રષ્ટિકોણ તેમજ તે નાટક બનવાની પ્રોસેસ કેવી હોય, નાટક સાથે જોડાયેલા તમામ પાસા ની અગત્યતા વિષે તમામ વિદ્યાર્થીઓ ને અવગત કરાવ્યા. થિયેટર માં કોમ્યુનિકેશનની અગત્યતા અને વિષય વસ્તુ નું વિશ્લેષણ કરવાનું શિક્ષણ



પૂરું પાડવા માટે મુંબઈથી બીજા ફેકલ્ટી 'પરિધી શેલત આચાર્ય' પણ જોડાયા. જેમણે એક્સરસાઇઝ દ્વારા કોમ્યુનિકેશનના વિવિધ પાસાઓ વિશે શીખવ્યું.

થિયેટર શીખવવા થતી વર્કશોપ માં આજ સુધી જોવા મળી નથી તેવી એક અલગજ પદ્ધતિ, કે જેમાં દરેક વિદ્યાર્થીને એક એક મેન્ટોર આપવામાં આવ્યા અને તેમના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ અલગ અલગ રસ અને એલિમેન્ટ નો ઉપયોગ કરીને મોનોલોગ તૈયાર કર્યા. જેમાં વીર રસનો ઉપયોગ કરીને વિદ્યાર્થી દ્વારા રાવણનું પાત્ર, શાંત રસનો ઉપયોગ કરીને શ્રી કૃષ્ણનું પાત્ર અને કરૂણ રસ નો ઉપયોગ કરીને મંદોદરીનું પાત્ર ભજવવામાં આવ્યું.

અને સાથે દરેક વિદ્યાર્થીને તેમણે બનાવેલા મોનોલોગ પર મેન્ટોર દ્વારા એપ્રિસિએટ કરવામાં આવ્યા જેથી તેમની સ્કિલ માં વધારો થાય. વિજેતા બનેલા વિદ્યાર્થીઓમાંથી હિરણ્ય ઝિંઝુવાડીયા એ શૂરવીરનું પાત્ર ભજવ્યું.નૈસર્ગિ ચૌહાણે રાણી લક્ષ્મીબાઈનું પાત્ર ભજવ્યું જ્યારે શિવાની મિસ્ત્રીએ દ્રૌપદીનું પાત્ર ભજવ્યું હતું. વર્કશોપના છેલ્લા દિવસે ગ્રુપના ફાઉન્ડર પ્રફુલ પંચાલ અને કો -ફાઉન્ટર ચિરાગ પારેખ દ્વારા એવોર્ડ આપવામાં આવ્યા.જેમાં બેસ્ટ સ્ટુડન્ટ ઓફ ધ વર્કશોપનો એવોર્ડ શિવાની મિસ્ત્રી બેસ્ટ ક્રિએટીવ વિડિઓનો એવોર્ડ હિરણ્યા ઝિંઝુવાડીયા અને બેસ્ટ પોપ્યુલર વીડિયોનો એવોર્ડ નૈસર્ગી ચૌહાણને મળ્યો.બાકી તમામ વિદ્યાર્થીઓને એપ્રિસિએટ કરતા સર્ટિફિકેટ આપવામાં આવ્યા. સાથે જ આ વર્કશોપની પુર્ણાહુતી કરવામાં આવી...

આ છ દિવસનો વર્કશોપ સંપૂર્ણ રીતે ઓનલાઈન માધ્યમ થી પૂર્ણ થયો જેમાં મેન્ટોર તરીકે શિવમ જાની, અક્ષત દરજી, દીપ પંચાલ, વત્સલ વ્યાસ, મૈત્રી દવે, નીતિન ધનકાની, પરિધિ શેલત આચાર્ય, ચિરાગ દેશાણી અને ખાશ કોલકત્તાથી સુકમલ મિત્રા એ પોતાની અથાગ મહેનત અને સમય આપ્યો. સાથે નજીક ના સમય માં કંઈક અલગ અને નવું લઈને 'ધી અર્થિંગ ગ્રુપ ' આવશે.



સતત ૬૧ દિવસથી સ્વામિનારાયણ મંદીર સેકટર-૨ ખાતે સેવા કાર્ય ચાલુ રાખતા મહંત શ્રી પી પી સ્વામી...

# ગાંધી સાહિત્ય સેવા સંસ્થા દ્વારા લોકગીતોનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર,૨૬

મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધી નગર ના પ્રમુખ ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા લોક ગીત ગાવાનો કાર્યક્રમ તારીખ ૨૫ મે ૨૦૨૦ ના રોજ બપોરે બે વાગ્યે ઑન લાઈન આયોજિત કરવામાં આવ્યો હતો, જેનું ઉદ્ઘાટન પાટનગર પ્રભાત ના તંત્રી અને લોક સાહિત્યકાર શ્રી વિનોદ ઉદેચા ના હસ્તે કરવામાં આવ્યું, આ પ્રસંગે જાણીતા હાસ્ય કલાકાર શ્રી હરપાલ સિંહ ઝાલા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને મંચ ને શોભાવ્યો હતો, આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા અતિથિઓનું શબ્દો રૂપી ફૂલ માળા અર્પણ કરી સ્વાગત કરવામાં આવ્યું હતું અને સંસ્થાની તેમજ કાર્ય ક્રમ ની વિગતો રજૂ કરી હતી

આ કાર્યક્રમનું સંચાલન સચિવ રમેશભાઈ મૂલવાણી દ્વારા કરવામાં આવ્યું હતું, પ્રાર્થના ડૉ ભાવના સાવલિયા રાજકોટ દ્વારા કરવામાં આવી, આ કાર્યક્રમ માં કુલ મળીને ૩૦ કવિ ઓ એ ભાગ લીધો હતો અને પોતાનું લોક ગીત ગુજરાતીમાં રજૂ કર્યું હતું,સંસ્થા ના પ્રમુખ શ્રી ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા શિવાજીનું હાલરડું લોક ગીત રજૂ કરવામાં આવ્યું હતું. આ કવિ ઓ પૈકી પાંચ કવિ ઓ ને ચેનલ પર પ્રસારિત કરવા શ્રી વિનોદ ભાઈ ઉદેચા દ્વારા પસંદગી કરવામાં આવી છે, કે આઈ પટેલ એડવોકેટ દ્વારા અતિથિ ઓ અને કવિઓનો આભાર માન્યો હતો.

અંતમાં સંસ્થાના પ્રમુખ ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા જનગણ મન રાષ્ટ્ર ગીત રજૂ કરવામાં આવ્યું હતું.

# આ મુશ્કેલ સમયમાં, ચાલો આપણે એકતાની ભાવનાથી બધી માનવતાને સ્વીકારીયે : સંત રાજિન્દર સિંહજી મહારાજ

આપણે બધા વૈશ્વિક રોગચાળાને સામનો કરવા માટે એક સાથે ઊભા છીએ.આપણી દુનિયાને માનવ એકતાની જરૂર છે. આપણે પ્રેમના



રેશમી દોરા દ્વારા એકબીજા સાથે જોડાયેલા છીએ અને તે જ માનવ અસ્તિત્વનો મૂળ છે. આપણા ઘરો, પરિવારો, સોસાયટીઓ અને શહેરોમાં, પ્રેમ, સહનશીલતા અને એકતાની ભાવનામાં એક બીજાને ભેગા થવાની જરૂર છે. આમ કરવાથી આપણા ઘરો, આપણા પડોશમાં, આપણા સમુદાયો અને મોટા પ્રમાણમાં દુનિયામાં શાંતિ થશે.

આપણે માનવ એકતા કેવી રીતે જીવીએ? એકતા અને શાંતિનો અભ્યાસ કરવા બીજાઓને કહેવું પૂરતું નથી; જો આપણે આપણા શબ્દોને અસરકારક બનાવવા માંગીએ તો આપણે તેને જાતે જ જીવવું જોઈએ. અહીં કેટલીક રીતો છે જે એકતાને વાસ્તવિકતા બનાવવામાં અસરકારક સાબિત થઈ છે.

હૃદય સાફ રાખો:

આપણે બધા લોકો માટે આપણા હૃદયમાં સાચો પ્રેમ કેળવવો જોઈએ. આપણે આપણા હૃદય અને દિમાગથી ભેદભાવને દૂર કરવો જ જોઈએ. એવું કહેવામાં આવે છે કે આપણે આપણા હૃદયની વિપુલતામાંથી બોલીએ છીએ.જો આપણે કોઈ પણ જૂથ પ્રત્યે નફરત રાખીશુ, તો આપણે તેને વધુ સમય સુધી છુપાવી નહી શકીયે; તે આપણા હોઠમાંથી બહાર આવશે અથવા આપણા ચહેરા પર દેખાશે. આપણી ક્રિયાઓ આપણા શબ્દો કરતા પણ મોટેથી બોલે છે. આમ, માનવીય એકતાની શરૂઆત બીજા પ્રત્યે હૃદયને સાફ કરવાથી થાય છે.જ્યારે આપણે અન્ય લોકો માટેના કોઈપણ ખરાબ વિચાર આપણા હૃદય મા નહી રાખીયે, તો ભગવાન ત્યાં વસી શકે છે. ઈશ્વર પ્રેમ છે. ભગવાન સર્વ-વ્યાપી છે અને એક સર્જન રૂપે બધી સૃષ્ટિને સ્વીકારે છે. જ્યારે આપણે અન્ય પ્રત્યેના કોઈ નકારાત્મક વિચારોને સ્પષ્ટ રાખીએ ત્યારે તે પ્રેમ આપણા હૃદયમાં પ્રવેશ કરશે.

પ્રેમાળ શબ્દો અને કાળજી લેતા શબ્દો: આપણા શબ્દો લોકો માટે સહનશીલતા વ્યક્ત કરે એવા હોવા જોઈયે. આપણે આપણા શબ્દોનુ ધ્યાન રાખવા જરૂર છે જેથી આપણે કોઈ હૃદયને દુખ તો નથી આપતા. શું આપણા શબ્દો વિભાજનનું કારણ છે અથવા તે લોકોને એકસાથે લાવે છે? પ્રેમાળ, સંભાળ આપતા શબ્દો જે લોકોને આરામદાયક લાગે છે તે લોકોને એકસાથે લાવે છે. આપણે મીઠી અને પ્રેમાળ વાણી નુ ઉપયોગ કરતા એવા જીવંત ઉદાહરણો બનવાની જરૂર છે.

ક્રિયાઓ જે શાંતિ અને એકતાને પ્રોત્સાહન આપે છે:

દરરોજ આપણને પસંદગીઓનો સામનો કરવો પડે છે. શું આપણે એવા પગલા લેવા જઈ રહ્યા છીએ જે લોકોને અલગ કરે છે અથવા એવી ક્રિયા કે જે લોકોને એકસાથે લાવે છે? અમારી નોકરીમાં આપણે ઘણી વખત સમિતિઓ પર કામ કરવું પડે છે અથવા નીતિ અંગે નિર્ણય લેવો પડે છે. શું આપણા અવાજો એવી નીતિઓને પ્રોત્સાહન આપે છે જે લોકો પ્રત્યે પ્રેમ અને સહિષ્ણુતા દર્શાવે છે અથવા તેઓ ભેદભાવ કરે છે? દરેક તક પર, આપણે એવા નિર્ણય લેવા જોઈએ કે જેથી બધાને શાંતિ અને એકતાનુ અનુભવ થાય.

ધ્યાન અને માનવ એકતા: મનુષ્યની એકતાને આપણા પોતાના હૃદયમાં જીવંત વાસ્તવિકતા બનાવવાની સૌથી અસરકારક પદ્ધતિઓમાંની એક ધ્યાન છે. મૌન ધ્યાનમાં દરરોજ સમય પસાર કરવો આપણને આપણા સાચા આત્મ અને દૈવી શક્તિ સાથે સંકળાય છે જેણે આપણને બનાવ્યું છે.

તે ક્ષણો આનંદ, શાંતિ અને પ્રેમથી ભરેલી છે. જ્યારે આપણે આપણા હૃદયના આંતરિકમાં પ્રવેશ કરીએ છીએ, ત્યારે આપણને જાણ થશે કે આપણી અંદર પ્રકાશ છે.

તે દુનિયા ના સર્જકનો પ્રકાશ છે. જે પ્રકાશ આપણી અંદર છે તે બીજા બધા માણસોમાં છે. આપણે બધા જીવ ને એક તરીકે જોવાનું શરૂ કરીએ છીએ. જ્યારે આવું થાય છે, ત્યારે આપણે ખરેખર આપણા જીવનમાં માનવ એકતા જીવીએ છીએ.

વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસ દ્વારા સમર કેમ્પ અંતર્ગત

# ઓનલાઈન ફેન્સી ડ્રેસ સ્પર્ધાનું આયોજન



ગાંધીનગર, તા.૨૬

વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસમાં સમર કેમ્પ ના ભાગરૂપે તા. ૨૬ મી મેના રોજ ધોરણ ૩ થી ૮ માટે ઓનલાઈન ફેન્સી ડ્રેસ સ્પર્ધા યોજવામાં આવી હતી. બાળકો કુદરતી રીતે જ શ્રેષ્ઠ 'નકલકાર' હોય છે.

તેઓ તેમના માતાપિતાની નકલ અને પાઠ ભજવવાનું પસંદ કરે છે. આ સ્પર્ધામાં બાળકોએ ઘરે ઉપલબ્ધ સામગ્રી જેવી કે, અખબાર, છોડ, જૂના કપડા વગેરે નો ઉપયોગ કરીને આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. બાળકોની પસંદગી રચનાત્મકતા,સંવાદ અને પ્રસ્તુતિના આધારે કરવામાં આવી હતી. આ સ્પર્ધા યોજવાનો હેતુ માત્ર મનોરંજન સાથે ભણવાનું જ નહીં, પરંતુ વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ કેળવવાનો હતો. બાળકોએ તેમના રંગબેરંગી પોશાક પહેર્યો હતો અને તેઓએ જે પાત્ર રજૂ કર્યું હતું તેના પર થોડા વાક્યો બોલ્યા હતા. બાળકોનો પ્રયત્ન અને પરિશ્રમ ખૂબ જ પ્રશંસનીય હતો.

આફ્ટર કોરોના ચેલેન્જ એન્ડ અપોર્ચ્યુનિટી વિષય પર

# ગુજરાત યુનિવર્સિટી startup એન્ડ એન્ટ્રપ્રિન્યરશિપ કાઉન્સિલ દ્વારા વેબ સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૨૬

માનવીય જીવન સાથે જોડાયેલા તમામ ક્ષેત્રોમાં કોરોનાના કારણે આગામી દિવસોમાં લાંબા ગાળાની અસરો થનાર છે ત્યારે આ અસરો નિવારવા સોશિયલ distance ઉપરાંત અન્ય ઉપાયો પણ કરવા પડશે તેમ પૂર્વ કેન્દ્રીય મંત્રી સુરેશ પ્રભુએ આજે યોજાયેલા વેબિનારમા જણાવ્યું હતું. ગુજરાત યુનિવર્સિટી સ્ટાર્ટઅપ એન્ડ એન્ટ્રપ્રિન્યરશિપ કાઉન્સિલ અમદાવાદ દ્વારા આ યોજિત વેબિનારમા શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ પણ ભાગ લીધો હતો.

પૂર્વ કેન્દ્રીય મંત્રી સુરેશ પ્રભુએ કોરોનાની આગામી દિવસોમાં પડનાર વિપરીત અસરો અંગે જણાવ્યું હતું કે ખાસ કરીને આર્થિક ક્ષેત્રમાં તેની વિપરીત અસરો પડનાર છે. મેન્યુફેક્ચરિંગ ઉપરાંત જાહેર ક્ષેત્ર અને માર્કેટ સિસ્ટમ પર તેની અસરો અત્યારે જ દેખાઈ રહી છે અને આ અસરોના વિપરીત પરિણામોથી બચવા આપણે સ્ટાર્ટઅપ અને અન્ય ઈનોવેશન દ્વારા અન્ય ઉપાયો પણ શોધવા પડશે.

તેમણે જણાવ્યું હતું કે આર્થિક ઉપરાંત શિક્ષણ ક્ષેત્રે વિદ્યાર્થીઓનો અભ્યાસ કઈ રીતે કઈ પદ્ધતિથી કરાવવો પરીક્ષા પદ્ધતિમાં કેવા ફેરફાર કરવા, તબીબી ક્ષેત્ર, વાહન વ્યવહાર પ્રવાસન, કૃષિ ક્ષેત્ર હોટેલ ઉદ્યોગ જેવા ક્ષેત્રોમાં પણ કોરોના ની અસર દેખાવાની છે. સુરેશ પ્રભુએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના યુવાધનને આહવાન કરતા સ્ટાર્ટ અપ અને ઈનોવેશન ક્ષેત્રે યુવાનોને પ્રોત્સાહિત કર્યા છે. ગૌરવની વાત એ છે કે દેશના યુવાધનને અનેક ક્ષેત્રોમાં સમસ્યાઓના ઉકેલ ક્ષેત્રે startup અને ઈનોવેશન દ્વારા સંશોધન પર ભાર મૂકી જે તે ક્ષેત્રની સમસ્યાનો ઉકેલ લાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ આ વેબિનારમા ભાગ લેતા જણાવ્યું હતું કે દેશમાં યુવાનોએ startupના ઈનોવેશન પ્રયોગો અને સંશોધન દ્વારા અનેક ક્ષેત્રોમાં નવી શોધ કરી છે ત્યારે હવે કોરોનાને કારણે સમગ્ર દેશ અને દુનિયામાં જે સમસ્યાઓ સર્જનાર છે તેનો ઉકેલ પણ startup અને ઈનોવેશનના વિવિધ પ્રયોગો કે સંશોધન દ્વારા જ શક્ય બનશે. તેમણે જણાવ્યું હતું કે જરૂરીયાત સંશોધનની પ્રાથમિક શરત છે. અત્યારે સમગ્ર દેશમાં એક નવો અવકાશ સંશોધન માટે સર્જાયો છે ત્યારે startup ક્ષેત્રે કાર્યરત વિદ્યાર્થીઓ આ પડકારને ઉપાડી લે અને પોતાના ઈનોવેટિવ સંશોધનો દ્વારા જે તે ક્ષેત્રની સમસ્યાના ઉકેલ માટે તત્પર બને તે સમયનો તકાદો છે.

આ વેબિનારમા શિક્ષણ વિભાગના અગ્ર સચિવશ્રી અંજુ શર્મા તથા રાજ્ય સરકાર હસ્તકની વિવિધ યુનિવર્સિટીઓના કુલપતિઓ શ્રીઓ તથા અન્ય ઉચ્ચ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## ડાયરેક્ટ ❤ સે

ભગવાનની કથા અને માણસની વ્યથા અનંત છે... પણ જે અંત શોધી કાઢે છે તે સંત છે...

## જન્મદિને વધામણી



વી વી વૈષ્ણવ
એમ.ડી - ઇન્ફોસિટી સ્કૂલ ટ્રસ્ટી, સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ



રમણલાલ એમ શ્રીમાળી
પ્રવક્તા, પેન્શનર સમાજ
મો. ૯૮૭૯૪ ૫૬૫૧૭



પ્રકાશ બી પટેલ
મો. ૮૮૬૬૦ ૯૩૮૩૪



અજય શુક્લા
પ્રેસિડેન્ટ ઓફ એનએસયુઆઈ, સેક્ટર-૨૬



જીયાન રાવત
મો. ૯૭૩૨૧ ૧૯૭૩૩